# નિયમિત પ્રવૃત્તિનો અહેવાલ-૨૦૧૮-૧૯

## N.S.S વૃક્ષારોપણ અહેવાલ તા.૨૮.૦૭.૨૦૧૮

તા. ૨૮/૦૭/૨૦૧૮ ના રોજ અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડામાં એન.એસ.એસ. પ્રવૃતિ અંતગત વૃક્ષારોપણ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ પ્રથમ કોલેજના આચાર્ય ડૉ.પ્રફુલ્લભાઇ કુરકુટિયા દ્વારા વૃક્ષોનું મહ્ત્વ સમજાવવામાં આવ્યું હતું. એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર દ્વારા પર્યાવરણમાં વૃક્ષોનું જતન કેવી રીતે કરવું તેની માહિતી આપવામાં આવી હતી.તેમજ કોલેજના બીજા અધ્યાપક મિત્રો દ્વારા વિવિધ ઔષધી યુક્ત વૃક્ષો, ફળાઉ વૃક્ષો, તેમજ રોજબરોજના ઉપયોગ માટે કયા કયા પ્રકારના વૃક્ષો વાવવા જોઇએ, તે અંગે ની માહિતિ આપવામાં આવી હતી.

વૃક્ષારોપણના કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. યુનિટના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમ કોલેજના કેમ્પસ તેમજ રમત-ગમતના મેદાન પર કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.વૃક્ષારોપણ બાદ વિદ્યાર્થીઓએ વૃક્ષોનું જતન તેમજ સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લીધી હતી.

## એક દિવસીય શિબિર કાર્યક્રમ તા.૧૩.૦૮.૨૦૧૮

તા. ૧૩.૦૮.૨૦૧૮ના રોજ કોલેજ કક્ષાએ સફાઇ અભિયનનું આયોજન કરેલ હતું. વિદ્યાર્થીઓને ચોમાસાની મોસમમાં સ્વચ્છતાના તેમજ સ્વાથ્ય અંગે ક્યા ક્યાં પગલા લઇ શકાય એ અંગેની માહિતી આપવામાં આવી હતી. કોલેજના કેમ્પસમાં બિન જરૂરી ઘાસ,વરસાદી પાણી તેમજ ભીના કચરાની સફાઇનું કાર્ય કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના મકાનની આજુ – બાજુ ઊગી ગયેલ બીન જરૂરી કચારાનો નિકાલ કરવામાં આવ્યો હતો અને વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થાનું કામ કરવામાં આવ્યું હતું.

## ગાંધીજયંતિ કાર્યક્રમ તા.૦૨.૧૦.૨૦૧૮

૦૨.૧૦.૨૦૧૮ના રોજ અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી પ્રફુલ્લભાઇ કુરકુટિયાએ ગાંધીજીના આદર્શો અને જીવનચરિત્ર વિશે માહિતી આપી હતી. કોલેજના પ્રા.શ્રી રાજાભાઇ આયર દ્વારા ગાંધીજીના સત્યના પ્રયોગો વિષયથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.